રજૂ તારીખ : ૧૬/૧૧/૨૦૧૬
દાખલ તારીખ : ૧૬/૧૧/૨૦૧૬
નિકાલ તારીખ : ૨૬/૧૦/૨૦૨૩
અવધિ : વર્ષ માસ દિવસ

**આંક :**

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ ભાવનગર.**

**સેશન્સ કેસ નં.૧૪૦/૨૦૧૬**

ફરિયાદી : **શ્રી સ ર કા ર.**

વિરૂઘ્ધ

આરોપી : **૧. વિવેક ઉર્ફે ભોલુ સન ઓફ શંભુભાઈ મેરૂભાઈ મકવાણા,**
ઉ.વ.૨૧, ધંધો : અભ્યાસ,
રહે.બેન્ક કોલોની, ચિત્રા, ભાવનગર.

**૨. મીતરાજસિંહ સન ઓફ હરદેવસિંહ ધીરુભા ગોહીલ,**
ઉ.વ.૨૦, ધંધો : ટ્રક ડ્રાઈવીંગ,
રહે.પ્લોટ નં.૧૪૭, મીલેટ્રી સોસાયટી, ભાવનગર.

**૩. વિજયસિંહ સન ઓફ બળવંતસિંહ દીલુભા વાઘેલા,**
ઉ.વ.૧૯, ધંધો : અભ્યાસ,
રહે.પ્લોટ નં.૧૮૬, મીલેટ્રી સોસાયટી, ભાવનગર.

**૪. જયેશ ઉર્ફે ગણીયો સન ઓફ ભરતભાઈ રાઘવભાઈ જાંબુચા,**

ઉ.વ.૨૫, ધંધો : મજૂરી,
રહે.પ્લોટ નં.૮૨/બી, હાદાનગર, રામજી મંદીરની
બાજુમાં, ભાવનગર.

સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.એચ.મહેતા.
આરોપી નં.૧ તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.વાય.હમીરાણી.
આરોપી નં.૨ થી ૪ તરફે વિધ્વાન વકીલ શ્રી ડી.કે.પરમાર.

**-:: ચુ કા દો ::-**

૧. આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૯૫, ૩૯૭, ૫૦૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

૨. ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી **ભગીરથસિંહ છોટુભા જાડેજા** પ્લોટ નં.૧૨૭, હીલ પાર્ક-૧, સીદસર રોડ, ભાવનગર ખાતે રહે છે અને ભાવનગર રીલાયન્સ મોલમાં છેલ્લા દોઢેક વર્ષથી રુટ એકઝીકયુટીવ તરીકે નોકરી કરે છે.

આજરોજ સવારે નવેક વાગ્યે તેઓ તથા રાજુભાઈ હિંમતભાઈ ચુડાસમા બંને જણા કંપનીના કોન્ટ્રાકટની છોટા હાથી લોડીંગ ગાડી રજી નં.જીજે-૦૪-એટી-૪૩૬૨ લઈ ભાવનગરથી અમરેલી અને સાવરકુંડલાના રૂટ ઉપર કંપનીના બીલ કલેકશન કરવા નીકળેલ હતા અને અમરેલી તથા સાવરકુંડલામાંથી આશરે રૂપિયા બે લાખ છત્રીસ હજાર તેઓની પાસેના કાળા કલરના બ્લેક થેલામાં હતી. પૈસાની સાથે બીલો તથા તેમનુ આઈ કાર્ડ વિગેરે થેલામાં હતા અને આ થેલો તેમણે તેમની પાસે રાખેલ હતો. ગાડી રાજુભાઈ

ચલાવતા હતા, તેઓ તેની બાજુમાં બેસેલ હતા. તેઓ આશરે છએક વાગ્યે સાવરકુંડલાથી નીકળેલ હતા અને આશરે આઠ સવા આઠેક વાગ્યે સોનગઢથી આગળ શિહોર તરફ જતા અંકુર પેટ્રોલ પંપ પાસે પહોંચતા એક મોટરસાઈકલ ડબલ સવારી તેઓની ગાડીની આગળ થયેલ અને ગાડી ઉભી રખાવવા હાથથી ઈશારો કરી ગાડીની આગળ તેનું મોટરસાઈકલ ઉભુ રાખી દીધેલ. જે મોટરસાઈકલ નંબર પ્લેટ વીનાનુ હતું અને બંને મોટરસાઈકલ સવારોએ મોઢે રુમાલ બાંધેલ હતો, જે નીચે ઉતરી ડ્રાઈવર રાજુભાઈ પાસે આવી ગાળો આપી ગાડી કેમ આડી ચલાવે છો ? તેમ કહી ભુંડાબોલી ગાળો આપી બે ત્રણ ધોલ મારી દરવાજો ખોલી રાજુભાઈને બહાર ખેંચી લીધેલ. આ દરમ્યાન બીજા એક મોટરસાઈકલ ઉપર ત્રણ સવારીમાં માણસો આવેલા જેઓની ગાડી પણ નંબર પ્લેટ વગરની હતી અને ત્રણે જણાએ મોઢે રુમાલ બાંધેલ હતા. જે ત્રણે જણા તેમની પાસે આવી તેમને બહાર નીકળવાનું કહેતા તેઓ બહાર નીકળેલ નહિ, જેથી એક માણસે દરવાજો ખોલી તેમને બહાર ખેંચી લીધેલ. આ વખતે તેમની પાસે કાળો થેલો ખભાના ભાગે ટીંગાડેલ હતો, જે થેલો આ ત્રણે જણા ખેંચતા તેમણે થેલો પકડી રાખેલ જેથી આ પાંચે જણાએ લાકડાના ધોકા વડે તેમને તથા રાજુભાઈને માર મારવા લાગેલ અને તેના હાથમાં ખભામાં ભરાવેલ થેલો લુંટીને લઈ ગયેલ અને તેમને આ મારમારીમાં બંને પગના ગોઠણ નીચે માર મારતા મુંઢ ઈજા થયેલ તથા રાજુભાઈને ડાબા પગની પીંડીના ભાગ પાસે ઈજા થયેલ છે. જે

પાંચે જણા ગુજરાતી ભાષા બોલતા હતા અને આ પાંચે જણાની ઉંમર આશરે ૨૦ થી ૩૦ વર્ષની વયના હતા અને પેન્ટ શર્ટ પહેરેલ હતા. બાદ કોઈએ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવી જતા તેમાં તેઓ બંનેને શિહોર સરકારી દવાખાને સારવારમાં લાવેલ છે. તેઓની બંનેની સારવાર શરુ છે. તેઓ બંને ભાનમાં છે. તેમને જમણા પગે બે ટાંકા આવેલ છે. હાલ તેઓ સંપૂર્ણ ભાનમાં છે અને આ પાંચે જણા લૂંટ ચલાવી શિહોર તરફ બંને મોટરસાઈકલ ઉપર ગયેલ હતા. તો ઉપરોકત પાંચે ઈસમો સામે ધોરણસર થવા તેમની ફરિયાદ છે.

તે મતલબના બનાવ સબબની ફરિયાદ ફરિયાદીએ શિહોર પો.સ્ટે. (કેમ્પ: સી.એચ.સી. શિહોર) સમક્ષ નોંધાવતા ઉપરોકત ફરિયાદના આધારે ગુનો નોંધ્યા બાદ તપાસના અંતે હાલના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા શિહોર વિધ્વાન જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતમાં ઉપરોકત ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

૩. આ કામના આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલની જરૂર છે કે કેમ તેવી ખાતરી કરતાં આરોપીઓએ પોતાના ખર્ચે વકીલ રોકેલ હોવાનું જણાય છે. ત્યારબાદ સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોય, શિહોરના વિધ્વાન જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ધ્વારા ક્રિ.પ્રો.કો.ક.૨૦૯ અન્વયે આ કેસ સેશન્સ અદાલતને કમીટ કરેલ

છે. ત્યારબાદ આ સેશન્સ કેસની સુનાવણી સેશન્સ અદાલત મારફત હાથ ધરવામાં આવેલ છે.

૪. આ કામના આરોપીઓ વિરુધ્ધ અત્રેની અદાલત ધ્વારા **આંક ૩૭** થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૯૫, ૩૯૭, ૫૦૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી આરોપીઓનો અનુક્રમે **આંક ૩૮, ૩૯, ૪૦, ૪૧** થી જવાબ લેતાં, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ જેમાં ફરિયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>:–**

| સાહેદ નંબર | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ રાજુભાઈ હિંમતભાઈ ચુડાસમા | ૪૪ |
| ૨ | પંચ અસલમભાઈ અલીમહંમદભાઈ સોરઠીયા | ૪૭ |
| ૩ | પંચ નરેશ રવિદત શર્મા | ૫૯ |
| ૪ | ડો.સંજય શ્યામા ચૌધરી | ૬૪ |
| ૫ | પંચ ઘનશ્યામભાઈ પરશોતભાઈ ગોહીલ | ૬૭ |
| ૬ | પંચ રજનીશસીંગ જનાદરસીંગ | ૭૦ |
| ૭ | પંચ પારસભાઈ જયંતભાઈ ગોંડલીયા | ૭૪ |
| ૮ | પંચ મોબીનભાઈ અબ્બાસભાઈ મહેતર | ૭૫ |
| ૯ | ત.ક.અ. શકિતસિંહ યશવંતસિંહ ઝાલા | ૮૧ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**:–

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧ | આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૮ |
| ૨ | સાહેદે બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૫૧ |
| ૩ | ફરિયાદીએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામું | ૫૨ |
| ૪ | ફરિયાદી તથા સાહેદની મેડીકલ તપાસ દરમ્યાન મેડીકલ ઓફીસરે લીધેલ બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૫૩ |
| ૫ | ડીસ્કવરી પંચનામું | ૬૦ |
| ૬ | પંચ સ્લીપ | ૬૧ |
| ૭ | આરોપીઓની મેડીકલ તપાસ દરમ્યાન મેડીકલ ઓફીસરે લીધેલ બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું | ૬૨ |
| ૮ | ભગીરથસિંહનું મેડીકલ સર્ટીફીકેટ | ૬૫ |
| ૯ | રાજભાઈનું મેડીકલ સર્ટીફીકેટ | ૬૬ |
| ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૬૮ |
| ૧૧ | ડીસ્કવરી પંચનામું | ૭૧ |
| ૧૨ | પંચ સ્લીપ | ૭૨,૭૩ |
| ૧૩ | ડીસ્કવરી પંચનામું | ૭૬ |
| ૧૪ | ફરિયાદ | ૮૨ |
| ૧૫ | ગુનો રજીસ્ટર કરવા બાબત યાદી | ૮૩ |
| ૧૬ | તપાસ સંભાળવા યાદી | ૮૪ |
| ૧૭ | ફેકસ મેસેજ | ૮૫ |

| | | |
|---|---|---|
| ૧૮ | સ્થાનિક એફ.એસ.એલ. રીપોર્ટ | ૮૬ |
| ૧૯ | આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામું | ૮૭ |
| ૨૦ | તપાસના કામે બ્લડ સેમ્પલ લેવા બાબત યાદી | ૮૮ |
| ૨૧ | આરોપીઓના બ્લડ સેમ્પલ લેવા બાબત યાદી | ૮૯ |
| ૨૨ | કલમનો ઉમેરો કરવા યાદી | ૯૦ |
| ૨૩ | ડીસ્કવરી પંચનામું | ૯૧ |
| ૨૪ | સીડીઆર એસડીઆર માહિતી મંગાવવા બાબત યાદી | ૯૨,૯૩ |
| ૨૫ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૯૪ |
| ૨૬ | એફ.એસ.એલ.ની પહોંચ | ૯૫ |
| ૨૭ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર | ૯૬ |
| ૨૮ | એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ | ૯૭ |
| ૨૯ | હથિયારબંધીનું જાહેરનામું | ૯૮ |
| ૩૦ | આર.સી.બૂકની ઝેરોક્ષ | ૯૯,૧૦૦ |
| ૩૧ | રીલાયન્સ મોલને તપાસના કામે માહિતી પુરી પાડવા યાદી | ૧૦૧ |
| ૩૨ | રીલાયન્સ મોલ તરફથી મળેલ માહિતી | ૧૦૨ |

૫. ઉપર મુજબનો પુરાવો લીધા બાદ, ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનો ઈન્કાર કરી આરોપી નં.૧ નાંએ વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે. તેઓએ કોઈ ગુનો કરેલ નથી. તપાસ કરનાર અધિકારી દ્વારા સાચા આરોપીઓને પકડવાને બદલે તેઓની ખોટી રીતે આરોપી

તરીકે અટક કરેલ છે. તેઓની વિરુધ્ધ કોઈ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે. જયારે આરોપી નં.ર થી ૪ નાંએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓને આ ગુનામા ખોટી રીતે સંડોવી દીધેલ છે.

૬. સબબ આ કામે સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એમ.એચ.મહેતાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. તેમના ધ્વારા કરવામા આવેલ દલીલનો સાંરાશ જોઈએ તો રેકર્ડ પર રજૂ થયેલ સમગ્ર પુરાવાથી ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ હોય તેમજ આ કામે ભોગ બનનારની સારવાર કરનાર ડોકટર તથા તપાસ કરનાર અમલદારના પુરાવાથી આરોપીઓ વિરુધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો હોય આરોપીઓને કાયદામાં ફરમાવેલ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

૭. આ કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.વાય. હમીરાણી તથા ડી.કે.પરમારની વિધ્વતાભરી દલીલો સાંભળવામાં આવેલ છે. તેમના તરફે કરવામાં આવેલી દલીલનો સાંરાશ જોઈએ તો આ કામે મહત્વના સાહેદ એવા બનાવમાં ભોગ બનનાર સાહેદે ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેમજ તેમની સારવાર કરનાર ડોકટર સમક્ષ આરોપીઓ વિરુધ્ધ કોઈ હિસ્ટ્રી આપેલ નથી ત્યારે તેમજ આરોપીઓને ભોગ બનનાર સાહેદે કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ નથી ત્યારે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો સાબિત માની શકાય નહિ. આમ, ફરિયાદ પક્ષ આરોપીઓ સામેના આક્ષેપો

પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૮. ઉપરોકત સંજોગોમાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧/૬/૨૦૧૬ ના કલાક ૨૦:૦૦ થી ૨૦:૧૫ ના અરસામાં શિહોર તાબાના શિહોર–સોનગઢ હાઈવે રોડ ઉપર અંકુર પેટ્રોલ પંપ પાસે આ કામના ફરિયાદી ભગીરથસિંહ છોટુભા જાડેજા તથા સાહેદ રાજુભાઈ હિંમતભાઈ ચુડાસમા બંને રીલાયન્સ મોલના કંપનીના કોન્ટ્રાકટની છોટા હાથી લોડીંગ ગાડી રજી નં.જીજે–૦૪–એટી–૪૩૬૨ લઈ ભાવનગર થી અમરેલી અને સાવરકુંડલાના રૂટ ઉપર કંપનીના બીલ કલેકશન કરી રૂા.૨,૩૬,૦૦૦/– લઈ પરત ભાવનગર તરફ આવતા હતા ત્યારે આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરે અગાઉથી ગુનાહિત કાવતરુ રચી આરોપી નં.૧ તથા ૨ નાંએ પોતાનું મોટરસાઈકલ ફરિયાદીનાં વાહનની આગળ ચલાવી ફરિયાદીનું વાહન ઉભુ રખાવી સાહેદ રાજુભાઈને કહેલ કે કેમ ગાડી આડી અવળી ચલાવો છો ? તેમ કહી સાહેદ રાજુભાઈને ધોલધપાટ કરેલ. આ દરમ્યાન આરોપી નં.૩, ૪ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોર બીજા મોટરસાઈકલ ઉપર આવી ફરિયાદી તથા સાહેદ રાજુભાઈને આરોપી નં.૨, ૩ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરે લાકડાના ધોકા વડે માર મારી મુંઢ ઈજા કરી ફરિયાદી પાસે રહેલ થેલો કે જેમાં રૂા.૨,૩૬,૦૦૦/– હતાં તેની લૂંટ કરી/ધાડ પાડી નાસી જઈ આરોપીઓએ સદર ગુનામાં એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૯૫, ૩૯૭, ૫૦૪,

૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

૯. ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>-:: કા ર ણો ::-</u>**

**<u>મુદ્દા નં.૧ :-</u>**

૧૦. આ કામે મુખ્યત્વે ફરિયાદ પક્ષનો કેસ જોવામાં આવે તો એ મતલબનો છે કે, તા.૧/૬/૨૦૧૬ ના કલાક ૨૦:૦૦ થી ૨૦:૧૫ ના અરસામાં શિહોર તાબાના શિહોર-સોનગઢ હાઈવે રોડ ઉપર અંકુર પેટ્રોલ પંપ પાસે આ કામના ફરિયાદી ભગીરથસિંહ છોટુભા જાડેજા તથા સાહેદ રાજુભાઈ હિંમતભાઈ ચુડાસમા બંને રીલાયન્સ મોલના કંપનીના કોન્ટ્રાકટની છોટા હાથી લોડીંગ ગાડી રજી નં.જીજે-૦૪-એટી-૪૩૬૨ લઈ ભાવનગર થી અમરેલી અને સાવરકુંડલાના રૂટ ઉપર કંપનીના બીલ કલેકશન કરી રૂા.૨,૩૬,૦૦૦/- લઈ પરત ભાવનગર તરફ આવતા હતા ત્યારે આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરે અગાઉથી ગુનાહિત કાવતરુ રચી આરોપી નં.૧ તથા ૨ નાંએ પોતાનું મોટરસાઈકલ ફરિયાદીનાં વાહનની આગળ ચલાવી ફરિયાદીનું વાહન ઉભુ રખાવી સાહેદ રાજુભાઈને કહેલ કે કેમ ગાડી આડી અવળી ચલાવો છો ? તેમ કહી સાહેદ રાજુભાઈને ધોલધપાટ કરેલ.

આ દરમ્યાન આરોપી નં.૩, ૪ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોર બીજા મોટરસાઈકલ ઉપર આવી ફરિયાદી તથા સાહેદ રાજુભાઈને આરોપી નં.૨, ૩ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરે લાકડાના ધોકા વડે માર મારી મુંઢ ઈજા કરી ફરિયાદી પાસે રહેલ થેલો કે જેમાં રૂા.૨,૩૬,૦૦૦/– હતાં તેની લૂંટ કરી/ધાડ પાડી નાસી જઈ આરોપીઓએ સદર ગુનામાં એકબીજાને મદદગારી કરેલ અને તે અન્વયે અત્રેની અદાલત ધ્વારા **આંક ૩૭** થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૯૫, ૩૯૭, ૫૦૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તે તહોમતનામું પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી કુલ ૯ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.

**ભોગ બનનાર સાહેદનો પુરાવો :–**

૧૧. ફરિયાદ પક્ષ તરફે **આંક ૪૪ થી સાહેદ રાજુભાઈ હિંમતભાઈ ચુડાસમાને** તપાસવામા આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા બનાવ આશરે બે–પાંચ વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે તેઓ રીલાયન્સ મોલનો ટેમ્પો ચલાવતા હતા. તેઓ રીલાયન્સ મોલના માલસામાનની ડીલીવરી કરવાનું કામ કરે છે. તેઓ બનાવના દિવસે પહેલા અમરેલી ગયા હતા અને તેમની સાથે ભગીરથસિંહ હતા જે પૈસાનુ કલેકશન કરતા હતા. અમરેલીથી તેઓ દામનગર, ગારીયાધાર માલ પહોંચાડવાની ડીલીવરી કરવા ગયેલા હતા. ત્યારબાદ **તેઓ સણોસરાથી ભાવનગર આવતા હતા ત્યારે કોઈ વ્યકિતઓએ મોઢે રુમાલ બાંધેલો હતો તેઓએ તેમના ટેમ્પાની આડે**

**બાઈક નાખેલુ અને ટેમ્પો ઉભો રખાવેલ અને કહેલ કે કેમ ગાડી આવી ચલાવે છો તેમ કહી ટેમ્પામાંથી ચાવી ખેંચી લીધેલી અને તેમને મારવા લાગેલ. તે વખતે તેમને બંને પગે ધોકાથી મારવા લાગેલા પછી પાછળથી કોઈએ આવી તેમને માથાના ભાગે જોરથી મારેલુ તેથી તેઓ બેભાન થઈ ગયેલા. તેમની સાથેના ભગીરથભાઈને પણ આ લોકો માર મારતા હતા અને પૈસાના કલેકશનનો થેલો લઈને જતા રહેલા.** પછી ૧૦૮ માં તેમને સિહોર સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી ભાવનગર સર.ટી.હોસ્પીટલ લાવેલા. ત્યાં તેમને સારવાર બાદ રજા આપી દીધેલી. પોલીસે તેમની પુછપરછ કરેલી.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, **એવુ બનેલ નથી કે તેમની સાથેની વ્યકિત પાસેથી થેલો જુટવીને લઈ ગયેલા તે મળી આવેલ હોય. એવુ બનેલ નથી કે પોલીસ પાસે કોઈ વ્યકિતઓ પકડાયેલા હોય તેની ઓળખ કરાવેલ હોય. એવુ બનેલુ નથી કે બનાવ બાદ ભગીરથસિંહે તેમને કોઈ હકીકત જણાવેલી હોય. આવી કોઈ વ્યકિતઓ કોર્ટમાં હાજર હોય તો તેઓ ઓળખી શકે નહી કારણ કે તેમણે તેના ચહેરા જોયેલા ન હતા.**

આમ, આ સાહેદ તેમના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન આપતા ન હોવાથી એ.પી.પી.શ્રીની વિનંતીથી તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી એ.પી.પી.શ્રીને તેમની ઉલટ તપાસ કરવાની પરવાનગી તેમાં પોતાના પોલીસ રુબરુના નિવેદનની હકીકતને સમર્થન કરતી કોઈ હકીકત જણાવેલ નથી.

આ સાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાંથી કોઈ ફળદાયી હકીકત બહાર આવેલ નથી.

**<u>ફરિયાદી તથા ભોગ બનનારની સારવાર કરનાર ડોકટરનો પુરાવો :–</u>**

૧૨. ફરિયાદ પક્ષ તરફે **આંક ૬૪ થી ડો.સંજય શ્યામા ચૌધરીને** તપાસવામા આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા તા.૦૧–૦૬–૨૦૧૬ ના રોજ તેઓ સી.એચ.સી. સિહોર ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે સમય દરમ્યાન રાત્રીના કલાક ૦૯:૩૦ મીનીટે પોલીસ યાદી વગર દર્દીઓ ભગીરથસિંહ છોટુભા જાડેજા તથા રાજ હિંમતભાઈ ચુડાસમા જાતે આવેલા. આ દર્દીઓને તેમણે તપાસેલા. **તેઓએ તેમની રુબરુ એવી હીસ્ટ્રી આપેલી કે મને માર મારી અને લૂંટ કરેલી.** આ બંને દર્દીઓને તેમણે પ્રાથમિક સારવાર આપી સર.ટી.હોસ્પીટલ ભાવનગર ખાતે રીફર કરેલા.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, દર્દી ભગીરથસિંહ છોટુભા જાડેજાને તપાસતા નીચેની ઈજાઓ માલુમ પડેલી. (૧) જમણા પગ પર મધ્યભાગમાં લેસરેટેડ વૂન્ડ તથા સોજો માલુમ પડેલ. લેસરેટેડ વૂન્ડનુ માપ ૧.૨૫ ×૦.૫ સેમી હતુ. (૨) ડાબા પગના ઘુંટણ ઉપર નાનો ઉઝરડો જોવા મળેલો. આ દર્દીને ડ્રેસીંગ કરવામાં આવેલુ.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, દર્દી રાજ હિંમતભાઈ ચુડાસમાને તપાસતા નીચે મુજબની ઈજા માલુમ પડેલી.(૧) ડાબા પગમા મધ્યભાગમા લેસરેટેડ વૂન્ડ હતો જેનુ માપ ૧.૨૫ × ૦.૨૫

સેમી હતુ અને સોજો જોવા મળેલ. આ દર્દીને ડ્રેસીંગ કરવામાં આવેલુ.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ દર્દીઓના તેમણે પ્રમાણપત્ર પોલીસને આપેલા. આ સાહેદ કોર્ટ રુબરુ બંને પ્રમાણપત્ર જોઈ તેમાં પોતાના હસ્તાક્ષર, હોસ્પીટલનો સિકકો અને સહી ઓળખી બતાવી અનુક્રમે આંક–૬૫, ૬૬ થી રજૂ કરેલ છે. વધુમાં આ સાહેદ જણાવે છે કે, આ બંને દર્દીઓને સોજો જોવા મળેલો તેથી હાયર સેન્ટરની અંદર રીફર કરવામાં આવેલ તેથી તેઓ ઈજા અંગે કોઈ અભિપ્રાય આપી શકે નહિ.

આ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખે છે કે, **દર્દીઓને થયેલી ઈજા ફ્રેશ હતી કે કેમ તેવો ઉલ્લેખ તેમણે સર્ટીફીકેટમા કરેલો નથી. આ બંને દર્દીઓને થયેલી ઈજા કોઈ વ્યકિત વાહન અકસ્માતમાં ડામર રોડ ઉપર પડવાથી પણ સંભવી શકે.**

આમ, આ સાહેદના પુરાવા પરથી એવુ પ્રસ્થાપિત થાય છે કે, તા.૧/૬/૨૦૧૬ ના રોજ તેમણે ફરિયાદી તથા સાહેદ રાજુભાઈની સારવાર કરી તેમને હાયર સેન્ટર તરફ રીફર કરેલ છે. ઈજા અંગે તેઓ કોઈ અભિપ્રાય આપી શકતા નથી.

<u>પંચ સાહેદોનો પુરાવો :–</u>

૧૩. ફરિયાદ પક્ષ તરફે **આંક ૪૭ થી સાહેદ અસલમભાઈ અલીમહંમદભાઈ સોરઠીયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આંક ૪૮ વાળા આરોપીઓએ બનાવ સમયે પહેરલ

કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેમણે પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય ફરિયાદ પક્ષ તરફે તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે, ત્યારબાદ કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ ફળદાયી હકીકત બહાર લાવી શકેલ નથી.

૧૪. ફરિયાદ પક્ષ તરફે **આંક ૫૯ થી સાહેદ નરેશ રવીદત શર્માને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આંક ૬૦ વાળા ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ છે. તેમણે પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય ફરિયાદ પક્ષ તરફે તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે, ત્યારબાદ કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ ફળદાયી હકીકત બહાર લાવી શકેલ નથી.

૧૫. ફરિયાદ પક્ષ તરફે **આંક ૬૭ થી સાહેદ ઘનશ્યામભાઈ પરશોતમભાઈ ગોહીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આંક ૬૮ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે. તેમણે પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય ફરિયાદ પક્ષ તરફે તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે, ત્યારબાદ કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ ફળદાયી હકીકત બહાર લાવી શકેલ નથી.

૧૬. ફરિયાદ પક્ષ તરફે **આંક ૭૦ થી સાહેદ રજનીશસીંગ જનાદરસીંગને તથા આંક ૭૪ થી સાહેદ પારસભાઈ જયંતભાઈ ગોંડલીયાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદ આંક ૭૧

વાળા ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ છે. તેમણે પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય ફરિયાદ પક્ષ તરફે તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે, ત્યારબાદ કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ ફળદાયી હકીકત બહાર લાવી શકેલ નથી.

૧૭. ફરિયાદ પક્ષ તરફે **આંક ૭૫ થી સાહેદ મોબીનભાઈ અબ્બાસભાઈ મહેતરને** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદ આંક ૭૬ વાળા ડીસ્કવરી પંચનામાના પંચ સાહેદ છે. તેમણે પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ના હોય ફરિયાદ પક્ષ તરફે તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે, ત્યારબાદ કરવામાં આવેલ ઉલટતપાસમાં કોઈ ફળદાયી હકીકત બહાર લાવી શકેલ નથી.

**<u>તપાસ કરનાર અમલદારનો પુરાવો :-</u>**

૧૮. ફરિયાદ પક્ષ તરફે **આંક ૮૧ થી ત.ક.અ. શકિતસિંહ યશવંતસિંહ ઝાલાને** સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. તેમનો પુરાવો ધ્યાને લેતા ગઈ તા.૦૧-૬-૨૦૧૬ ના રોજ સિહોર પોલીસ સ્ટેશનમા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે આ કામના ફરિયાદીની ફરિયાદ તેઓના રુબરુની લઈ પી.એસ.ઓ.શ્રીને લેખિત રીપોર્ટ સાથો ગુનો રજીસ્ટર કરવા આપેલી. વધુમાં આ સાહેદે તેમના પુરાવા દરમ્યાન ફરિયાદી ભગીરથસિંહ છોટુભા જાડેજાએ તેમના રુબરુની ફરિયાદમાં લખાવેલ હકીકત વિગતવાર જણાવેલ છે. આ સાહેદ ફરિયાદ જોઈ તેમાં ફરિયાદીની સહી છે તથા

રુબરુપણામામાં તેમની સહી ઓળખી બતાવી આંક ૮૨ થી ફરિયાદ રજૂ કરેલ છે.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બાદ પી.એસ.ઓ.શ્રી સ્વ.વાય.સી.ગોહીલનાઓએ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ લેખિત હુકમ સાથે તેઓને સોંપતા એફ.આઈ.આર. તથા હથિયારબંધી જાહેરનામાની નકલ તથા ઉપરી અધિકારીને કરેલ મેસેજ તથા જીલ્લાના અધિકારીને તપાસમા રહેવા માટે કરેલ મેસેજ તથા એફ.એસ.એલ.ને સ્થળ વીઝીટ માટે કરેલ મેસેજ મળતા કામમાં સામેલ રાખેલ. બાદ આ કામે બનાવવાળી જગ્યાનુ પંચનામુ પંચો રુબરુ ફરિયાદીએ બતાવેલ તે મુજબ પંચનામાની વિગતે સ્થળ ઉપરથી મુદ્દામાલ લાકડાનો ધોકો કબજે કરી કામમાં સામેલ રાખેલ.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બાદ આ કામે ઈજા પામનાર રાજુભાઈ ચુડાસમાએ બનાવ સમયે પહેરેલ કપડા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરેલ તથા તેમનુ નિવેદન લેવામાં આવેલ. બાદ રીલાયન્સ મોલ ભાવનગર ખાતે તેના મેનેજર મનીષભાઈનુ નિવેદન લેવામા આવેલ અને ફરિયાદીની જરુરી માહિતી માટે લેખિત યાદી પાઠવવામા આવેલ. બાદ ફરિયાદીશ્રીએ બનાવ સમયે પહેરેલ કપડા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ અને તેઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બાદ આ કામે આ કામના આરોપીઓ અંગે ખાનગી હકીકત મળતા તેઓને પુછપરછ કરતાં ગુનાની કબુલાત કરેલ હોય પંચનામાની વિગતે ગુનાના કામે અટક કરી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ. બાદ પકડાયેલ આરોપીઓ અંગે ના.પો.અધિ., પાલીતાણાને તથા જીલ્લા કંટ્રોલ રુમને જાણ કરવામાં આવેલ. વધુમાં આ સાહેદ જણાવે છે કે, બાદ ફરિયાદીશ્રીનુ બ્લડ સેમ્પલ લેવડાવવા માટે સર.ટી.હોસ્પીટલ ભાવનગરને યાદી કરવામાં આવેલી. બાદ આ કામે અટક કરેલ બાળ કીશોર ગુનાના કામે ઉપયોગી વસ્તુ રજુ કરવા માંગતા હોય પ્રાથમિક પંચનામુ કરી તેણે જણાવ્યા મુજબના રસ્તે થઈ તેના રહેણાંક મકાનથી રોકડ રૂપિયા કાઢી આપતા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. બાદ સર.ટી.હોસ્પીટલમા ઈજા પામનાર સાહેદ તથા ફરિયાદીના બ્લડ સેમ્પલના નમુનાઓ આવતા પંચો રુબર પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. બાદ આ કામે અટક કરેલ આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. બાદ અટક કરેલ આરોપીઓના બ્લડ સેમ્પલ લેવડાવવા માટે સી.એચ.સી. સિહોરને યાદી કરવામાં આવેલ. બાદ આરોપીઓના બ્લડ સેમ્પલ આવી જતા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ.

વધુમાં આ સાહેદ જણાવે છે કે, બાદ આ કામે આરોપી વિવેક ઉર્ફે શંભુ ગુનાના કામે ઉપયોગી વસ્તુ બતાવવા માંગતા હોય પંચો

રુબરુ પ્રાથમિક પંચનામુ કરી તેના જણાવ્યા પ્રમાણે સિહોરથી ભાવનગર જઈ તેના રહેણાંક મકાનેથી મળેલ મુદ્દામાલ પંચો રુબરુ કબજે કરવામાં આવેલ. બાદ આરોપી વિજયસિંહ બનાવના અનુસંધાને ચીજવસ્તુ બતાવવા માંગતા હોય તેના જણાવ્યા પ્રમાણે પંચો રુબરુ મુદ્દામાલ બતાવતા હોય મુદ્દામાલ કબજે કરવામાં આવેલ. બાદ આરોપી મિતરાજ ગુનાના કામે ચીજવસ્તુ બતાવવા માંગતા હોય પંચો રુબરુ પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ. બાદ આરોપી જયેશ ઉર્ફે ગણીયો પંચો રુબરુ મુદ્દામાલ બતાવતા પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિવેક શંભુભાઈ પંચો રુબરુ લુંટમા ગયેલો થેલો બતાવતા પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. વધુમાં આ સાહેદ જણાવે છે કે, બાદ આ કામે ફરિયાદી તથા સાહેદોના વિશેષ નિવેદનો લેવામાં આવેલ. બાદ આ કામે આરોપીઓના મોબાઈલની કોલ ડીટેઈલ મંગાવવા માટે ફોર્મ ભરી યાદી કરવામા આવેલ. બાદ અટક કરેલ આરોપીઓની મેડીકલ તપાસણી માટે સી.એચ.સી. સિહોરને યાદી કરવામાં આવેલ. બાદ કબજે કરેલ મુદ્દામાલની રવાનગી નોંધ તૈયાર કરી પ્રમાણપત્રમા સહી મેળવી મુદ્દામાલ એફ.એસ.એલ. જુનાગઢ ખાતે મોકલી તેની પહોંચ આવતા કામમાં સામેલ રાખવામાં આવેલ. બાદ એફ.એસ.એલ. જુનાગઢને અભિપ્રાય મેળવવા માટે યાદી કરવામાં આવેલ. બાદ આ કામે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ

કરવામાં આવેલ. આ સાહેદ આરોપીઓને તેમજ મુદ્દામાલને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

આ સાહેદની જુબાની દરમ્યાન ગુનો રજીસ્ટર કરવા કરેલ યાદી આંક ૮૩ થી, પી.એસ.ઓ. તરફથી મળેલ તપાસનો હુકમ આંક ૮૪ થી, ભારે ગુનાનો ફેકસ મેસેજ આંક ૮૫ થી, સ્થાનિક એફ.એસ.એલ. રીપોર્ટ આંક ૮૬ થી, આરોપી પાસેથી મુદ્દામાલ કબજે કરેલ તે અંગેનું પંચનામુ આંક ૮૭ થી, બ્લડ સેમ્પલ મેળવવા કરેલ યાદી અનુક્રમે આંક–૮૮, ૮૯ થી, કલમ ઉમેરો કરવા નામ.કોર્ટને કરેલ યાદી આંક ૯૦ થી, આરોપીએ મુદ્દામાલ કાઢી આપેલ હોય જે પંચો રુબરુ કબજે કરેલ હોય તે પંચનામુ આંક ૯૧ થી, કોલ ડીટેઈલ મેળવવા કરેલ યાદી આંક–૯૨, ૯૩ થી, એફ.એસ.એલ. જુનાગઢને મુદ્દામાલ મોકલ્યા અંગેની રવાનગી નોંધ આંક ૯૪ થી, એફ.એસ.એલ. જુનાગઢનો ફોરવર્ડીંગ લેટર તથા બાયોલોજી પરીક્ષણ અહેવાલ તથા મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ અનુક્રમે આંક–૯૫ થી ૯૭ સુધીના, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ હથિયારબંધીનુ જાહેરનામુ આંક ૯૮ થી, આર.સી.બુકની નકલ આંક–૯૯, ૧૦૦ થી, રીલાયન્સ મોલને મેનેજર તથા અન્ય કર્મચારીઓને માહિતી મેળવવા કરેલ યાદી આંક ૧૦૧ થી, રીલાયન્સ મોલ દવારા આપવામાં આવેલ માહિતી આંક ૧૦૨ થી રજૂ થયેલ છે. વધુમાં આ તપાસ કરનાર અમલદાર તેમના પુરાવા દરમ્યાન સાહેદ રાજુભાઈ હિંમતભાઈ ચુડાસમાનાઓએ તેમના રુબરુના નિવેદનમા લખાવેલ હકીકત વિગતવાર જણાવેલ છે.

આ સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખે છે કે, ફરિયાદીએ તેમના રુબરુની ફરિયાદમાં મોટરસાયકલ કઈ કંપની હતુ અને કયા રંગનુ હતુ તેવી હકીકત જણાવેલ નહી. તેમણે તપાસના કામે સિહોર સી.એચ.સી.નું મેડીકલ સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલુ અને તેનો અભ્યાસ પણ કરેલો. આ સર્ટીફીકેટ મુજબ ભગીરથસિંહ જાડેજાને તા.૧–૬–૨૦૧૬ ના રોજ રાત્રીના ૯:૫૦ કલાકે લાવવામા આવેલા હતા. આ સર્ટીફીકેટ મુજબ રાજુભાઈ હિંમતભાઈ ચુડાસમાને કલાક ૯:૩૦ વાગ્યે લાવવામાં આવેલા. તેમને ડોકટરશ્રીની કોઈ યાદી મળેલી નહી પરંતુ બનાવની જાણ થતા તેઓ હોસ્પીટલે ગયેલ. તેમને કેટલા વાગ્યે જાણ થયેલી તે હાલ તેમને યાદ નથી. તેઓ આશરે દસ વાગ્યે ફરિયાદ લેવા માટે દવાખાને પહોંચેલો. તેઓ કબુલ રાખે છે કે ફરિયાદમા ફરિયાદ શરુ કરવાનો સમય કલાક ૨૧:૩૦ લખેલો છે. ફરિયાદમા ફરિયાદીએ નોટોના દરની કોઈ વિગત લખાવેલી નથી. **તેમણે તપાસના કામે આરોપીઓનો એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ ઓળખપરેડની કોઈ કાર્યવાહી કરાવેલ નથી. તેમણે ફરિયાદીને મુદ્દામાલ બતાવેલ હોય તે અંગેનુ કોઈ પંચનામુ કરેલ નથી.**

આમ, ઉપરોકત તપાસ કરનાર અમલદારનો પુરાવો ધ્યાને લેતા તેઓએ તેમની તપાસ દરમ્યાન કરેલ કામગીરીને સમર્થનકારી પુરાવો આપેલ છે.

૧૯. ઉપરોકત હકીકતે હાલના કામે મહત્વના સાહેદ એવા બનાવમાં ભોગ બનનાર સાહેદ રાજુભાઈ હિંમતભાઈ ચુડાસમાનો આંક ૪૪ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમણે સરતપાસના પુરાવામાં તેઓ તથા ફરિયાદી ભગીરથસિંહ બંને જણા રીલાયન્સ મોલનો ટેમ્પો લઈ માલ ડીલીવરી કરવા ગયેલ હતા અને સણોસરાથી ભાવનગર આવતા હતા ત્યારે કોઈ વ્યકિતઓએ મોઢે રુમાલ બાંધેલ હતો અને તેઓએ તેમના ટેમ્પાની આડે બાઈક નાખી ટેમ્પો ઉભો રખાવી તેમને બંને પગે ધોકાથી માર મારેલ અને પછી પાછળથી કોઈએ આવી તેમને માથાનાં ભાગે જોરથી મારતા તેઓ બેભાન થઈ ગયેલાનું અને પોતાની સાથેના ફરિયાદી ભગીરથભાઈને પણ આ લોકો માર મારતા હોવાનું તેમજ પૈસાના કલેકશનનો થેલો લઈને જતા રહેલાનું જણાવી ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં આ સાહેદે તેમના પુરાવા દરમ્યાન આવી કોઈ વ્યકિત કોર્ટમાં હાજર હોય તો તેઓ ઓળખી શકે નહિ કારણકે તેમણે તેના ચહેરા જોયેલા ન હતા તેવુ જણાવી આ કામના આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ગુના સાથે સાંકળી ઓળખી પણ બતાવેલ નથી ત્યારે ખુદ ભોગ બનનાર સાહેદના પુરાવા પરથી આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર થતો નથી.

વધુમાં ઉપરોકત હકીકતે આ કામના તપાસ કરનાર અમલદાર શકિતસિંહ યશવંતસિંહ ઝાલાનો આંક ૮૧ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમણે તપાસના કામે આરોપીઓની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રુબરુ કોઈ ઓળખપરેડની કાર્યવાહી

કરાવેલ નથી ત્યારે પણ હાલના આરોપીઓ જ ગુનામાં સંડોવાયેલા હોય તેવુ નિ:શંકપણે પુરવાર થતું નથી.

વધુમાં આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુના સબંધે ભોગ બનનાર તથા ફરિયાદીની સારવાર કરનાર ડોકટર સંજય શ્યામા ચૌધરીનો આંક ૬૪ થી રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા તેમની રુબરુ હિસ્ટ્રીમાં તેમને માર મારી અને લૂંટ કરેલી તેવુ જણાવેલ છે તેમજ આ બંને દર્દીને સોજો જોવા મળેલ તેથી હાયર સેન્ટરમાં રીફર કરવામાં આવેલ તેથી તેઓ ઈજા અંગે કોઈ અભિપ્રાય આપી શકે નહિ તેવી હકીકત જણાવેલ છે. આમ, ફરિયાદી તથા ભોગ બનનાર સાહેદે આ કામના આરોપીઓ વિરુધ્ધ તેમની સારવાર કરનાર ડોકટર સમક્ષ કોઈ હિસ્ટ્રી રજૂ કરેલ નથી ત્યારે ભોગ બનનાર તેમજ ફરિયાદીને ઈજા કરનાર ઈસમો તે હાલના આરોપીઓ જ હતા કે કેમ ? તેમજ તેમને આવી ઈજાઓ હાલના આરોપીઓ ધ્વારા જ કરવામાં આવેલ કે કેમ ? તેવી હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

વધુમાં આ કામના ફરિયાદી ભગીરથસિંહ છોટુભા જાડેજા અવસાન પામેલ હોય ફરિયાદ પક્ષ ધ્વારા તેમને કોર્ટ રુબરુ તપાસી શકેલ નથી. આ કામે તપાસવામાં આવેલ તમામ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી જેથી પંચનામાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

૨૦. આમ, ઉપરોકત તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા તા.૧/૬/૨૦૧૬ ના કલાક ૨૦:૦૦ થી ૨૦:૧૫ ના અરસામાં

શિહોર તાબાના શિહોર–સોનગઢ હાઈવે રોડ ઉપર અંકુર પેટ્રોલ પંપ પાસે આ કામના ફરિયાદી ભગીરથસિંહ છોટુભા જાડેજા તથા સાહેદ રાજુભાઈ હિંમતભાઈ ચુડાસમા બંને રીલાયન્સ મોલના કંપનીના કોન્ટ્રાકટની છોટા હાથી લોડીંગ ગાડી રજી નં.જીજે–૦૪–એટી–૪૩૬૨ લઈ ભાવનગર થી અમરેલી અને સાવરકુંડલાના રૂટ ઉપર કંપનીના બીલ કલેકશન કરી રૂા.૨,૩૬,૦૦૦/– લઈ પરત ભાવનગર તરફ આવતા હતા ત્યારે આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરે અગાઉથી ગુનાહિત કાવતરુ રચી આરોપી નં.૧ તથા ૨ નાંએ પોતાનું મોટરસાઈકલ ફરિયાદીનાં વાહનની આગળ ચલાવી ફરિયાદીનું વાહન ઉભુ રખાવી સાહેદ રાજુભાઈને કહેલ કે કેમ ગાડી આડી અવળી ચલાવો છો ? તેમ કહી સાહેદ રાજુભાઈને ધોલધપાટ કરેલ હોય અને આ દરમ્યાન આરોપી નં.૩, ૪ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોર બીજા મોટરસાઈકલ ઉપર આવી ફરિયાદી તથા સાહેદ રાજુભાઈને આરોપી નં.૨, ૩ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોરે લાકડાના ધોકા વડે માર મારી મુંઢ ઈજા કરી ફરિયાદી પાસે રહેલ થેલો કે જેમાં રૂા.૨,૩૬,૦૦૦/– હતાં તેની લૂંટ કરી/ધાડ પાડી નાસી જઈ આરોપીઓએ સદર ગુનામાં એકબીજાને મદદગારી કરેલ હોય તેવુ નિ:શંકપણે પુરવાર થતું નથી. આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સદંતર

નિષ્ફળ નીવડેલ હોય **મુદ્દા નં.૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવી **મુદ્દા નં.૨** સબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-: હુકમ :-**

૧. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીઓ **(૧) વિવેક ઉર્ફે ભોલુ સન ઓફ શંભુભાઈ મેરૂભાઈ મકવાણા (૨) મીતરાજસિંહ સન ઓફ હરદેવસિંહ ધીરુભા ગોહીલ (૩) વિજયસિંહ સન ઓફ બળવંતસિંહ દીલુભા વાઘેલા (૪) જયેશ ઉર્ફે ગણીયો સન ઓફ ભરતભાઈ રાઘવભાઈ જાંબુચા** નાંઓને તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩, ૩૯૫, ૩૯૭, ૫૦૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) ની જોગવાઈઓ અને શરતો મુજબ પ્રત્યેક આરોપીએ રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો જાતમુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહિનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોર સામેની ટ્રાયલ પેન્ડીંગ હોવાથી મુદ્દામાલ સબંધે આ તબકકે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

:: હુકમ આજ તા.૨૬, માહે ઓકટોબર, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૨૬/૧૦/૨૦૨૩

**(લીયાકતહુસૈન શમસુદ્દીન પીરઝાદા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૪

*-ynk*